# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી

ક્રમાંકઃ કયુ/પરીક્ષા/ /પ.શુ.સ.સજા નિયમો/ ૨૦૧૯-૨૦/૫૮૨
યુનિવર્સિટી કાર્યાલય, મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ.
તાઃ ૧૬/૮/૧૯

પરિપત્ર નંઃ-૪૫

આથી કચ્છ યુનિવર્સિટીની તાઃ૦૫/૦૬/૨૦૧૯ની એક્ઝિક્યુટીવ કાઉન્સિલના ઠરાવ ક્રમાંકઃ-૧૪/૨ અન્વયે યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓમાં નોંધાતા ગેરરીતીના કિસ્સાઓ સંબંધે પરીક્ષા શુધ્ધિ સમિતિની રચના કરી તે અન્વયે વિધાર્થીઓ દ્વારા આંચરેલ ગેરરીતીના પ્રકારે ગંભીરતા નિયત કરી તે મુજબ આવા વિધાર્થીઓને નીચે મુજબની **E0, E1, E2, E3, E4** તથા **E5** પ્રકારે સજા નિયત કરવામાં આવી છે. આ નિયત કરેલ સજાની જોગવાઇનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી કરવાનો રહેશે.

### ૧. નિર્દોષ જાહેર કરવું (E0).

(અ) પરીક્ષાર્થી દ્વારા પરીક્ષાનું સંચાલન કરનાર કોઈપણ વ્યકિત દ્વારા આપેલ સૂચનાનો અનાદર કરવો.
(બ) પરીક્ષાર્થી કોઇ પણ રીતે પોતાની ઓળખ છતી કરવાનો પ્રયત્ન કરે.

## પરીક્ષાર્થી સામે લેવાના થતા પગલાની જોગવાઇઃ-

| |
|---|
| **E0** તે પરીક્ષામાં વિદ્યાર્થી ને નિર્દોષ જાહેર કરવામાં આવે. |

### ૨.પરિણામ રદ કરવું (E).

(અ) પરીક્ષાર્થી દ્વારા પરીક્ષાનું સંચાલન કરનાર કોઈપણ વ્યકિત દ્વારા આપેલ સૂચનાનો અનાદર કરવો.
(બ) પરીક્ષાર્થી કોઇ પણ રીતે પોતાની ઓળખ છતી કરવાનો પ્રયત્ન કરે.
(ક) ઉત્તરવહીમાં પ્રશ્નપત્રને પ્રસ્તુત ન હોય તેવું કોઇ પણ લખાણ કે વિગતો આપીને પરીક્ષકને પ્રભાવિત કરવાનો પ્રયત્ન કરે.
(ડ) પરીક્ષામાં અપ્રસ્તુત માહિતી ઇરાદાપૂર્વક આપીને તે દ્વારા ગેરરીતિ અજમાવવાનો પ્રયત્ન કરે.
(ઇ) પરીક્ષા શરૂ થયાની પહેલા પરીક્ષામાં કોઇ પણ પ્રકારનું લખાણ લખતા પકડાય અથવા અન્ય પરીક્ષાર્થીને કોઇ પણ પ્રકારનું સાહિત્ય આપતાં પકડાય.

| |
|---|
| **E** તેમાં ફકત તે એક જ વિષયનું પરીણામ રદ કરવામાં આવશે અન્ય વિષયોનું પરીણામ જાહેર કરવામાં આવે. |

### ૨.પરીણામ રદ કરવું અને ત્યાર પછીની એક પરીક્ષા માં તે વિદ્યાર્થી ને બાકાત રાખવો.(E + ૧).

(અ) ઉત્તરવહીમાં ચલણી નોટો જોડવામાં આવી હોય.
(બ) પરીક્ષાર્થી પરીક્ષાખંડની બહાર જઇને કોઇ પણ પ્રકારે ગેરરીતિ આચરે.
(ક) પરીક્ષાખંડમાં પરીક્ષાર્થીની બેઠક પાસેથી કોઇપણ પ્રકારનું સાહિત્ય પકડાય અને તે વિષયને લગતું હોય.
(ડ) ઇરાદાપૂર્વક ઉત્તરવહી માં ચિન્હ અથવા સાંકેતિક ભાષા દ્વારા પોતાની ઓળખ પ્રગટ કરે.
(ઇ) નકલ કરવાના ઇરાદાથી અન્ય પરીક્ષાર્થીની ઉત્તરવહીમાંથી લખવાની ચેષ્ટા કરે અથવા તો ઇરાદાપૂર્વક અન્ય પરીક્ષાર્થીને પોતાની ઉત્તરવહીમાંથી નકલ કરવા દે.

(ચ) સુપરવાઇઝરની સંમતિ વગર પરીક્ષાખંડમાં અન્ય પરીક્ષાર્થીની સાથે વાત કરે અને તેને માહિતી પહોંચાડે.
(જ) પરીક્ષા કેન્દ્ર અથવા તો પરીક્ષાખંડ માં બિભત્સ કે અયોગ્ય વર્તન કરવું.
(ઝ) પરીક્ષાર્થીની પાસેથી કોઇપણ પ્રકારનું હાથેથી લખેલું અથવા તો છાપેલું સાહિત્ય અથવા કંપાસ બોક્સ ઉપર ફુટપટ્ટી ઉપર મોબાઇલ ફોનમાં ડીજીટલ ડાયરીમાં પ્રોગ્રામેબલ કેલ્કયુલેટરમાં ડ્રેસ ઉપર અથવા તો પોષાક ના કોઈ પણ ભાગ ઉપર લખેલા લખાણ સાથે પકડાય અથવા તો શરીરના કોઈપણ ભાગ ઉપર લખેલા લખાણ સાથે પકડાય.

| |
|---|
| **E1 તેમાં જ્યાં ફક્ત તે સેમેસ્ટરનાં બધાં જ વિષયોનું પરીણામ રદ કરી તેને આગળનાં સેમેસ્ટરમાં પ્રવેશ આપવાની પરવાનગી આપવી.** |

**૩.પરીણામ રદ કરવું અને ત્યાર પછીની બે પરીક્ષામાં તે વિદ્યાર્થી ને બાકાત રાખવો.(E + ૨).**

(અ) અન્ય પરીક્ષાર્થીની ઉત્તરવહી લઈ પરીક્ષામાં ઉતારો કરે અથવા તો બે પરીક્ષાર્થીઓ પોતાની એકબીજાની ઉત્તરવહીની આપલે કરે.
(બ) સુપરવાઇઝરને અથવા પરીક્ષકને કોઈ પણ પ્રકારની ધમકી આપે અથવા તો તેના પ્રત્યે દયાભાવ બતાવવા માટે દબાણ કરવામાં આવે અથવા તો પરીક્ષા સંચાલન કરનારને તેની ફરજમાં અવરોધ પેદા કરે.
(ક) પરીક્ષાખંડમા પરીક્ષા પુરી થયા બાદ ઉત્તરવહી સુપ્રત કર્યા વગર પરીક્ષાખંડ છોડી જાય અથવા તો ઉત્તરવહીને પોતાની સાથે લઈ જાય અથવા તો તેમાંથી કોઈ પાનું ફાડી નાખે અથવા તો ઉત્તરવહીનો નાશ કરે.
(ડ) પરીક્ષા દરમિયાન ઉત્તરવહીમાં અભદ્ર અને અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરે.
(ઈ) ગેરરીતિ આચરતા પકડાય ત્યારે પોતાની પાસેથી પકડાયેલું સાહિત્ય લખવાનું અથવા તો તેને નાશ કરવાનો અથવા ગળી જવાનો અથવા તો તેને સગેવગે કરવાનો કોઈપણ રીતે પ્રયત્ન કરે.
(ચ) પરીક્ષાર્થી પાસેથી પકડાયેલું સાહિત્ય બારીની બહાર ફેંકી પુરાવાનો નાશ કરવાનો પ્રયત્ન કરે અથવા તો અન્ય પરીક્ષાર્થીને મદદ કરવાનો પ્રયત્ન કરે.
(છ) પરીક્ષાર્થીઓ સમુહ નકલ કરતાં પકડાય પણ સમુહ નકલની વ્યાખ્યામાં કોઈપણ એક બ્લોકમાં ૩0% જેટલા વિદ્યાર્થીઓ નકલ કરતા પકડાય તેમ સમાવેશ કરવો.

| |
|---|
| **E2 માં જે–તે સેમેસ્ટરનાં બધાં જ વિષયોનું પરીણામ રદ કરી આગળના સેમેસ્ટરમાં પ્રવેશ વર્જીત રહેશે. તેને શિક્ષણકાર્યથી બાકાત રાખવામાં આવશે. પછીનાં વર્ષે જે તે સેમેસ્ટરમાં પરીક્ષા પછી આગળના સેમેસ્ટરમાં પ્રવેશ મળશે.** |

**૪.પરીણામ રદ કરવું અને ત્યાર પછીની ત્રણ પરીક્ષામાં તે વિદ્યાર્થીને બાકાત રાખવો.(E + ૩).**
(અ) અન્ય પરીક્ષાર્થીની ઉત્તરવહી બળજબરી પૂર્વક લઈ લખવાનો પ્રયત્ન કરવો.
(બ) ઉત્તરવહીને કોઈપણ કારણોસર પરીક્ષાખંડની બહાર લઈ જવી.
(ક) શંકાસ્પદ સાહિત્ય કે વસ્તુનો નાશ કરવો અથવા તો નાશ કરવાનો પ્રયત્ન કરવો.
(ડ) પરીક્ષાર્થીએ મારી નાખવાની કે અન્ય પ્રકારની ધમકી આપવાનું સ્ટેટમેન્ટ પરીક્ષા સંચાલક કે ઓબ્ઝર્વર દ્વારા આપવામાં આવે.

| |
|---|
| **E3 માં ૧.૫ (દોઢ વર્ષ) વર્ષ શિક્ષણકાર્યથી બાકાત રાખવામાં આવશે.** |

**૫.પરીણામ રદ કરવું અને ત્યાર પછીની ચાર પરીક્ષામાં તે વિદ્યાર્થીને બાકાત રાખવો.(E + ૪).**

(અ) પરીક્ષાર્થી બહારથી લખાવીને લાવેલ ઉત્તરવહી સાથે પકડાય અથવા તો બહારથી લખાવીને આવેલ ઉત્તરવહી માંથી નકલ કરતાં પકડાય.
(બ) પરીક્ષાર્થી પોતાના સ્થાને અન્ય વ્યકિતને પરીક્ષા આપવા બેસાડે તો આ પરીક્ષાર્થીની સામે ઉપરની સજા ઉપરાંત પોલિસમાં ફરિયાદ નોંધાવીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.
(ક) પરીક્ષાર્થી પોતાની પાસે ગન રિવોલ્વર ચપ્પુ અથવા તો અન્ય પ્રકારનું હથિયાર લઈને પરીક્ષા આપે અને પરીક્ષાનું સંચાલન કરનાર સુપરવાઇઝર ઓબ્ઝર્વર કે અન્ય અધિકારીને તેના દ્વારા ઈજા કરવાના ઈરાદાથી ધમકી આપે અથવા તો પરીક્ષામાં કોપી કરવાનો પોતાનો ધ્યેય સિદ્ધ કરવા માટે તે સાધનથી ડરાવવાનો પ્રયત્ન કરે.

| |
|---|
| **E4 માં ૨ વર્ષ શિક્ષણકાર્યથી બાકાત રાખવામાં આવશે.** |

૬.પરીણામ રદ કરવું અને ત્યાર પછીની ચાર પરીક્ષામાં તે વિદ્યાર્થીને બાકાત રાખવો.(E + ૫).

(અ)પરીક્ષાર્થીને વોટસઅપ, ઇ–મેઇલ, સોશિયલ મીડીયા દ્વારા પ્રશ્નપત્ર કે પ્રશ્નપત્રને લગતી વિગતો મળયાનો સંદેશ મળે કે પ્રશ્નપત્ર કે પ્રશ્નપત્રને લગતી વિગતો, જવાબો ઇલેકટ્રોનિક ગેઝેટ કે અન્ય રીતે બહાર મોકલવામાં કે મેળવવામાં આવે તો.

(બ)પરીક્ષાર્થી પોતાના સ્થાને અન્ય વ્યકિતને પરીક્ષા આપવા બેસાડે તો આ પરીક્ષાર્થીની સામે ઉપરની સજા ઉપરાંત પોલિસમાં ફરિયાદ નોંધાવીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.

(ક)પરીક્ષાર્થી બહારથી લખાવીને લાવેલ ઉત્તરવહી સાથે પકડાય અથવા તો બહારથી લખાવીને આવેલ ઉત્તરવહી માંથી નકલ કરતાં પકડાય.

(ડ) પરીક્ષાર્થી પોતાની પાસે ગન રિવોલ્વર ચપ્પુ અથવા તો અન્ય પ્રકારનું હથિયાર લઈને પરીક્ષા આપે અને પરીક્ષાનું સંચાલન કરનાર સુપરવાઇઝર ઓબ્ઝર્વર કે અન્ય અધિકારીને તેના દ્વારા ઈજા કરવાના ઈરાદાથી ધમકી આપે અથવા તો પરીક્ષામાં કોપી કરવાનો પોતાનો ઘ્યેય સિદ્ધ કરવા માટે તે સાધનથી ડરાવવાનો પ્રયત્ન કરે.

(ઇ) અન્ય પ્રકારનું હથિયાર લઈને પરીક્ષા આપે અને પરીક્ષાનું સંચાલન કરનાર સુપરવાઇઝર ઓબ્ઝર્વર કે અન્ય અધિકારીને તેના દ્વારા ઈજા કરવાના ઈરાદાથી ધમકી આપે અથવા તો પરીક્ષામાં કોપી કરવાનો પોતાનો ઘ્યેય સિદ્ધ કરવા માટે તે સાધનથી ડરાવવાનો પ્રયત્ન કરે.

| | |
|---|---|
| **E5** | **માં વિદ્યાર્થીનું યુનિવર્સિટી પ્રવેશ રદ કરી તેને કોઈપણ યુનિવર્સિટી કે અન્ય શિક્ષણ સંસ્થામાં તેનાં પ્રવેશ પર પાંચ વર્ષનું પ્રતિબંધ જાહેર કરવામાં આવે.** |

**નોંધ : ઉપરોકત સર્વે સજાઓ પ્રર્વતમાન પરીપત્રમાં દર્શાવેલ ગેરરીતિનાં પ્રકારોને આધિન રહેશે.**

**કા.કુલસચિવ**
**કચ્છ યુનિવર્સિટી**

**પ્રતિ**

૦૧. ડીનશ્રી, તમામ વિદ્યાશાખા કચ્છ યુનિવર્સિટી, ભુજ તરફ.

૦ર. તમામ વડાશ્રી, ભવનો તથા વહીવટી વિભાગો, કચ્છ યુનિવર્સિટી, ભુજ તરફ.

૦૩. આચાર્યશ્રીઓ, કચ્છ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો તરફ.

૦૪. પરીક્ષા નિયામકશ્રી કચ્છ યુનિવર્સિટી, ભુજ તરફ.

૦૫. સિસ્ટમ એન્જીનીયર, કોમ્પ્યુટર વિભાગ, કચ્છ યુનિવર્સિટી, ભુજ તરફ.

**નકલ રવાના : –** માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.